રાજ્ય સરકાર સામે ૧૪મી એપ્રિલે મોરચો ખોલવામાં આવશે : જીગ્નેશ મેવાણી

મહેસાણામાં આજે વાવના ધારસભ્ય અને રાષ્ટ્રીય અધિકાર મંચના પ્રમુખ જીગ્નેશ મેવાણી દ્વારા મહેસાણામાં કાર્યલયનું ઓપનીગ કરવામાં આવ્યું હતું. જ્યારે ઉતર ગુજરાતમાં મહેસાણાના કસ્બા વિસ્તારમાં આવેલા આંબેડકર ચોકમાં રાષ્ટ્રીય અધિકાર મંચના કાર્યલયનું ઓપનીગ કર્યું હતું. આ કાર્યલયમાં મોટી સંખ્યામાં દલિત આગેવનો સહિત રાષ્ટ્રીય અધિકાર મંચના હોદેદારો હાજર રહ્યા હતા. જ્યારે આ કાર્યલયનું ઓપનીગ કરવાનું કારણ એ હતું કે દલિત સમાજ વધુને વધુ આગળ આવે અને તેની માગ્નીયો સંતોષાય તે માટે રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર સામે લડત આપીને પણ પોતાની માગની સંતોષાય તે વાતમાં સ્થાનિક રાષ્ટ્રીય અધિકાર મંચના હોદેદારો મહેનત કરશે જ્યારે આ પ્રશંગે રાષ્ટ્રીય અધિકાર મંચના પ્રમુખ જીગ્નેશ મેવાણીએ કહ્યું હતું કે આગામી ૧૪મી એપ્રિલ આંબેડકર જયંતિના દિવસે રાજ્ય સરકાર સામે મોરચો ખોલવામાં આવશે. જેમાં સમખ્યાડીનો હાઈવે બંધ કરવામાં આવશે. કારણ કે રાજ્ય સરકાર દલિત વિરોધી માનશીકતા વિરોધી કામ કરે છે અને એક પણ કામ રાજ્ય સરકાર કરતી નથી અને જમીન રાજ્ય સરકાર આપે તેવી માંગ પણ કરી છે પરતુંરાજ્ય સરકાર કઈ કરતી નથી જેથી આવનારા સમયમાં મહેસાણાથી આ કાર્યલયનું ઓપનીગ કરીને આંદોલનનો મંડાળ કરવામાં આવશે.

મહેસાણામાંથી કાર્યાલય ઓપન કરીને આવનારા સમયમાં દલિત સમાજને આગળ લઈ જવા માટેના પ્રયાસ સહિત રાજ્ય સરકાર સામે મોરચો ૧૪મી એપ્રિલના રોજ ખોલવામાં આવશે તેવી ચીમકી પણ આપી હતી.

રાષ્ટ્રીય અધિકાર મંચના પ્રમુખ જીગ્નેશ મેવાણી આજે મહેસાણા આવ્યા હતા અને

આજે સાબરકાંઠા-અરવલ્લીમાં બંધ પળાશે

હિન્દુ સંગઠનો સહીત સામાજિક સંગઠનો અને વ્યાપારી સંગઠનો દ્વારા પત્રિકા વહેંચી

અરવલ્લી, તા. ૨૪

નિર્માણ સમયથીજ વિવાદોમાં ઘેરાયેલી પદ્માવત ફિલ્મ ૨૫ જાન્યુઆરીના રોજ રિલીઝ કરવાના સુપ્રીમકોર્ટના આદેશ બાદ રાજપૂત સમાજમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે અને સમગ્ર દેશ સહીત ગુજરાતમાં અરાજકતાનો માહોલ પદ્માવત ફિલ્મને લઈને જોવા મળી રહ્યો છે. જેના પગલે ઠેર ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે સમગ્ર દેશમાં ૨૫મીના રોજ અપાયેલા બંધના એલાનને સફળ બનાવવા માટે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા રાજપૂત સમાજના અપાયેલ સ્વયંભૂ બંધનું એલાનમાં હિન્દુ સંગઠનો અને સામાજિક સંગઠનો અને વેપારી સંગઠનો દ્વારા સમર્થન આપી પત્રિકા દ્વારા લોક સંપર્ક કરવામાં આવતા ગુરુવારે બંને જિલ્લામાં સજ્જડ બંધ જોવા મળશે.

અરવલ્લી-સાબરકાંઠા રાજપૂત સમાજ, કરણી સેના અને મહાકાલ સેના ગુજરાત દ્વારા અપાયેલ ૨૫ જાન્યુઆરી ગુરુવારના રોજ અપાયેલ સ્વયંભૂ બંધના એલાનમાં પદ્માવત ફિલ્મનો વિરોધ અન્ય સામાજિક સંગઠનો અને હિંદુ સંગઠનો પણ જોડાયા હતા. અરવલ્લી જિલ્લા સમસ્ત રાજપૂત સમાજ-મોડાસા, વિશ્વ હિન્દુ પરિષદ મોડાસા, બજરંગ દળ મોડાસા, હિન્દુ યુવા વાહિની, બ્રહ્મસમાજ, કટલરી અને કરિયાણા એસોશિએશન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એસોશિએશન, મોબાઈલ એસોશિએસન, ચૌધરી સમાજ, ટેમ્પો, મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘ મોડાસા દ્વારા બંધના એલાનમાં સહયોગ આપવા પત્રિકા સોશ્યલ મીડિયા સહીત વિવિધ માધ્યમ દ્વારા વહેંચી જિલ્લાવાસીઓને અપીલ કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં પણ રાજપૂત સમાજ સહીત હિન્દુ સંગઠનો અને સામાજિક સંગઠનો દ્વારા સ્વયંભૂ બંધના એલાનમાં સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

આજથી મહેસાણામાં ઉજવણીનો માહોલ

વિસનગરમાં સાયન્સ કાર્નિવલ-૨૦૧૮ ખુલ્લો મૂકશે : મેગા સાંસ્કૃતિક કાર્યક્રમ મનમોહક મહેસાણા

મહેસાણા, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ૬૯માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણીના યજમાન મહેસાણામાં આવતીકાલથી બે દિવસના ઉમંગ ઉત્સવોમાં સહભાગી થશે.

વિજયભાઈ રૂપાણી ગુરૂવારે, ૨૫ જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે વિસનગર પહોચશે. તેઓ સાંકળચંદ પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાનારા સાયન્સ કાર્નિવેલ-૨૦૧૮ને ખૂલ્લો મૂકવાના છે. પ્રજાસત્તાક પર્વની મહેસાણા જિલ્લામાં થઈ રહેલી જનભાગીદારી પૂર્ણ ઉજવણીના ભાગરૂપે આ સાયન્સ કાર્નિવેલ-૨૦૧૮ રાજ્ય સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ ટેકનોલોજી અને ગુજકોસ્ટના સહયોગથી યોજાયો છે.

આ કાર્નિવલમાં ૧૦૦થી વધુ શાળાઓ તેમજ ઈજનેરી-વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ મળી સાત હજાર જેટલી હોનહાર છાત્રશકિત કૌશલ્યપૂર્ણ પ્રોજેકટસ, ઈનોવેટીવ આઈડીયાઝ મોડેલ પ્રસ્તુત કરશે.

સાયન્સ કાર્નિવેલ સાથે જ વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય એકતા વિષયો પર લાઈવ વોલ પેન્ટીંગ, મેડીકલ ચેક અપ કેમ્પ અને રકતદાન શિબીર જેવા સમાજસેવા કાર્યો પણ યુવા છાત્રશકિત હાથ ધરવાની છે.

મુખ્યમંત્રી બપોર બાદ મહેસાણામાં રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીની ઉપસ્થિતીમાં યોજાનારા એટ-હોમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને નાગરિક અગ્રણીઓ સાથે પ્રજાસત્તાક પર્વ શુભેચ્છા આદાન-પ્રદાન કરશે. વિજયભાઈ રૂપાણી ગુરૂવારે ૨૫ જાન્યુઆરીએ સાંજે ૭ કલાકે મહેસાણાના મ્યુનિસિપલ ગ્રાઉન્ડમાં યોજાનારા મેગા સાંસ્કૃતિક કાર્યક્રમ 'મનમોહક મહેસાણા'માં પણ રાજ્યપાલશ્રી સાથે ઉપસ્થિત રહેશે. રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીના હસ્તે આ અવસરે મહેસાણા જિલ્લાની વિશિષ્ટ પ્રતિભાઓનું જાહેર સન્માન કરવામાં આવશે.

કોલીખડથી અમરગઢ સુધીના રોડનું કામ થાગડથીગડ કરવાથી ગ્રામજનો નિરાશ

મોડાસા, તા. ૨૪

મોડાસા તાલુકાના કોલીખડથી અમરગઢ જવાના માર્ગનું નવીનીકરણ કરવામાં આવ્યું છે પરંતુ આ કામ પ્રત્યે આ વિસ્તારમાં આવેલ ગામ લોકોને અસંતોષ છે. કોલીખડથી અમરગઢ જવાનો માર્ગ ૧૦-૧૨ કીલોમીટર લાંબો છે જેનું ડામર કામ કરવામાં આવ્યું છે. સમગ્ર માર્ગ પરનું કામ થીગડાવાળુ કામ કરવામાં આવ્યુ છે. ૧૦-૧૫ મીટર અંતરે ૧૦ મીટર રોડ કામ કર્યા વિના જ છોડી દેવામાં આવ્યો છે. આ છોડી દેવાયેલ રોડની પરિસ્થિતિ પણ ખરાબ છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે શું જવાબદાર તંત્રએ ફકત થીગડા મારવાનો ઠેકો આપ્યો છે કે સમગ્ર રોડનું નવીનીકરણ કરવાનો.

આ માર્ગ પરથી એસ.ટી બસો તેમજ અન્ય ભારે વાહનો પણ પસાર થાય છે. આ રોડ પર પૂંસરી-અમદાવાદની બસ પણ કાયમ પસાર થાય છે તેમજ આ માર્ગપરથી હિંમતનગર તરફ જવા વાળો ટ્રાફીક પણ પસાર થાય છે. આ માર્ગ ચોમાસા બાદ ખુબ જ ખરાબ થઈ ગયો હોવાથી અમરગઢ ગારૂડી અને ખળોદાના સરપંચોએ માર્ગ અને મકાન વિભાગમાં અરજી કરી હતી જે અરજીના અનુંસંધાનએ માર્ગનું નવીનીકરણ કરવાનુ કામ શરૂ કરવામાં આવ્યુંહતુ પરંતુ માર્ગનું કામ બરાબર ન થતા સરપંચો તેમજ ગામ લોકો નિરાશ થયા છે. ગામ લોકોનું માનવું છે કે જો આ રીતે થીગડા મારવાના કોંટ્રાક્ટનો કોઈ અર્થ નથી કેમ કે રોડની પરિસ્થિતી બદલાઈ નથી ત્યારે સરકાર્ના નાણાંનો વ્યર્થ ઉપયોગ કરવામાં આવ્યો છે. લોકોની માંગ છે કે જો આ કામમાં ભ્રષ્ટાચાર કે ગેરરીતી થઈ હોય તો ઉચ્ચસ્તરીય તપાસ થાય.

પાલનપુર અને ભાભર મુકામે નિઃશુલ્ક નિદાન અને સર્જરી કેમ્પ યોજાશે

પાલનપુર, તા. ૨૪

૩ ફેબ્રુઆરી-૨૦૧૮, શનિવારના રોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે જનરલ હોસ્પીટલ, પાલનપુર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ભાભર ખાતે સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી નિઃશુલ્ક નિદાન અને સર્જરી કેમ્પ યોજાશે. મુખ્યમંત્રી અમૃત યોજના અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત સ્માઈલ ટ્રેન ગુજરાત અંતર્ગત જનરલ હોસ્પીટલ પાલનપુર તથા ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી પાલનપુર અને જયદીપ હોસ્પીટલ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આ મફત હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં અમદાવાદના ખ્યાતનામ નવજાત શિશુ અને બાળકોના સર્જન ડાં. જયુલ કામદાર, કોસ્મેટીક અને પ્લાસ્ટીક સર્જન ડાં. નિશ્ચલ નાયક ઉપસ્થિત રહી મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીનાં બાળકોની સર્જરી, દાઝ્યા પછી રહી ગયેલી ખોડખાંપણ તથા સ્માઈલ ટ્રેન અંતર્ગત કપાયેલા હોઠ તથા ફાટેલા તાળવાની સર્જરી સંપૂર્ણ મફત કરી આપવામાં આવશે. નિદાન અથવા સર્જરી કરાવવા ઈચ્છતા લોકો ટોલ ફ્રી નં. ૯૦૧૬૪ ૩૬૮૪૪ અને ૯૦૩૩૨૨૫૮૨૦ ઉપર સંપર્ક કરી નામ નોંધાવી શકે છે. આ કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લેવા ચીફ ડીસ્ટ્રીકટ મેડીકલ ઓફિસર, પાલનપુર તથા ચીફ ડીસ્ટ્રીકટ હેલ્થ ઓફિસર પાલનપુર દ્વારા જિલ્લાની તમામ જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

પાલનપુરમાં ટી-સીરીઝ કંપનીના વિરોધમાં બનાસકાંઠા ફોટોગ્રાફરોએ રેલી કાઢી આવેદનપત્ર આપ્યું

સમગ્ર બનાસકાંઠા ફોટોગ્રાફરોએ આજે પાલનપુર ખાતે એકત્રીત થઈ શહેરના કિર્તીસ્થંભ વિસ્તારથી વિશાળ રેલી કાઢી ટી-સીરીઝ કંપની વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી કલેક્ટર કચેરી પહોંચી આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. ફોટોગ્રાફરો દ્વારા લગ્નના વિડિયોગ્રાફી બાદ એડીટીંગમાં ઉપયોગમાં લેવાતા ફિલ્મી ગીતોને લઈ ટી-સીરીઝ દ્વારા વારંવાર હેરાન કરવામાં આવતા હોવાનું ફોટોગ્રાફરોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું. જો યોગ્ય પગલાં નહીં ભરાય તો ઉગ્ર આંદોલન કરવાની જિલ્લાના ફોટોગ્રાફરો દ્વારા ચીમકી અપાઈ હતી.

રબારી સમાજ દ્વારા પાલનપુરમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

પાલનપુર, તા. ૨૪

આજરોજ પાલનપુર મુકામે રબારી સમાજ નિલકંઠ મહાદેવ મંદિર ટ્રસ્ટ તેમજ ગોપાલક એજ્યુકેશન એન્ડ કન્યા કેળવણી મંડળ પાલનપુર દ્વારા યજ્ઞ તેમજ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ધોરણ ૧ થી ગ્રેજ્યુએટ તેમજ વિવિધ ફેકલ્ટીમાં એકથી ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને સંતો મહંતોના આર્શીવચન સાથે સમાજના આગેવાનો અને દાતાઓના હાથે સન્માનપત્ર અને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. સંતો મહંતોના આર્શીવચનમાં બાળકોને વધુ શિક્ષિત બનાવો, સમાજમાં ક્યાંય કુરિવાજો હોય તો દૂર કરો, અને વ્યસનોથી દૂર રહો ઉપર ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતું. સાથે સાથે પધારેલા તમામ મહંતોનું આમંત્રિત મહેમાનોનું અને દાતાઓનું પુષ્પમાળા અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. આજના આ કાર્યક્રમમાં મહંત પ.પૂ. બળદેવગિરિજી બાપુ (વાળીનાથ અખાડા, તરભ), મહંત પૂ. જયરામ ગિરિજી બાપુ (તરભ), પૂજ્ય જીતેન્દ્રગિરિજી (હાથીદરા), માતૃશ્રી સોનલગિરિજી (હાથીદરા) તેમજ સમાજના આગેવાનો અને ડીસા પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી, લો કોલેજના આચાર્ય અને સમાજના આગેવાનો ભાઈઓ, બહેનો, બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અંતે ભોજન પ્રસાદ લીધો હતો.

પ્રાંતિજ ખાતે માતા લીંબચનો પાટોત્સવ નિમિત્તે હવન

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે તા.૨૨મી જાન્યુઆરીને વસંત પંચમીના દિવસે વાળંદ-નાયી સમાજના કુળદેવી લીંબચમાતાના મંદિરે ભવ્ય હોમ- હવન તેમજ સમૂહ લગ્નોત્સવના શુભ મુહુર્ત માટેનો કાર્યક્રમ ભવ્ય પણે યોજાયો હતો.

હવનમાં રણાસણના દિલિપભાઈ પરીવારે માતાજીના હોમ, આહુતિ આપી મા લીંબચ મા સરસ્વતીની આરાધના કરી હતી. ભવ્ય મહાઆરતી, પૂજા, મહાપ્રસાદમાં સમાજના અસંખ્ય લોકોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી. પ્રમુખ દશરથભાઈ ઉપપ્રમુખ વિનોદભાઈ તેમજ મંત્રી દશરથભાઈ નવા વાળા વગેરે ધાર્મિક કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું હતું.

ટીટોઈમાં ભક્તિયોગ અને અગમદેશ ધાર્મિક વિષયો પર ત્રિ-દિવસીય સત્સંગ સમારોહ યોજાશે

૨૬મી જાન્યુઆરી શુક્રવારે પ્રારંભ અને ૨૮મીને રવિવારે પુર્ણાહુતી

મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લામાં મોડાસાના ટીંટોઈ ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરમ પ્રમાણ દર્શન તથા વૈજનાથ યોગાશ્રમ ટ્રસ્ટ(વાદિયોલ-બ્રહ્મપુરી)ના ઉપક્રમે ભક્તિયોગ અને અગમદેશ ધાર્મિક વિષયો ઉપર ત્રિ-દિવસીય સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈ સ્થિત મૂળ ટીટોઈના શ્રીમતી હીરાદેવી અને ડાહ્યાલાલ જેઠાલાલ ભટ્ટ પરિવાર દ્વારા આયોજિત ત્રિદિવસીય આ ધાર્મિક કાર્યક્રમો અંગે વિગતો મેળવતા કમલભાઈ ભટ્ટે જણાવ્યું કે ટીટોઈમાં પીએમ.કોઠારી હાઈસ્કૂલની સામે આવેલ શ્રી કચ્છી સમાજવાડી ખાતે યોજાનાર આ સત્સંગ સમારોહનો ૨૬મી જાન્યુઆરી શુક્રવારે પ્રારંભ અને ૨૮મીને રવિવારે પુર્ણાહુતી થશે.

જ્ઞાનયજ્ઞ દરમિયાન ત્રણેય દિવસ રોજ બપોરે ૨ થી ૩.૩૦ સુધી અગમદેશ વિષયના પ્રવક્તા પ. પૂ. સ્વામિ નિજાનંદ સરસ્વતિનો અને ભક્તિયોગ વિષયના પ્રવક્તા પ. પૂ. સ્વામિ અભયાનંદ સરસ્વતીનો આ ત્રણ દિવસ દરમિયાન રોજ બપોરે ૩.૩૦ થી ૫ કલાક સુધી સત્સંગ રહેશે. જેનો લ્હાવો લેવા ટીટોઈ તેમજ આસપાસના ધર્મપ્રેમી સત્સંગી ભાઈ-બહેનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

થરાદના રાહ ગામ નજીક અકસ્માત

થરાદ, તા. ૨૩

મંગળવારની બપોરે ત્રણ વાગ્યાના સમયે થરાદના રાહ ગામ નજીક સર્જાયો. રાહથી મોબાઈલ રીપેર કરાવીને પાછા ઘર તરફ જઈ રહેલા બેવટા ગામના ૨૫ વર્ષીય યુવક ને અકસ્માત નડ્યો હતો.

બેવટા ગામેથી રાહ મોબાઈલ રીપેર કરવા આવેલા ભરતભાઈ જવેરભાઈ ઠાકોર તેમજ અરવિંદભાઈ શંકરભાઈ ઠાકોર રાહ મોબાઈલ રિપેર કરાવી ઘર(બેવટા) તરફ જઈ રહ્યા હતા દરમિયાન સામેની સાઈડથી આવતા ટેન્કરે ટક્કર મારતાં બાઈક ડ્રાઈવર ભરતભાઈનું મોત થયું હતું. જ્યારે સાથે રહેલ અરવિંદભાઈને ઈજાઓ થતાં બન્નેને રાહ ગામ સુધી પ્રાઈવેટ ગાડીમાં લાવ્યા બાદ રાહથી ૧૦૮ મારફતે થરાદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે હોસ્પિટલમાં લાવ્યા બાદ એકની સારવાર અને મૃતકનું પીએમ કરવામાં આવ્યું હતું.

ધી બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ મંડળની આજે મીટીંગ યોજાશે

બનાસકાંઠા, તા. ૨૪

પ્રાપ્ત વિગતો અનુસાર ધી બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ મંડળની મીટીંગ થરા ખાતે સર્કિટહાઉસ ખાતે યોજાનાર હોઈ જિલ્લાના પ્રમુખ દ્વારા જણાવાયુ છે. જો કે આ મીટીંગમાં બનાસકાંઠા જિલ્લાભરના પત્રકારો ઉપસ્થિત રહીને શુભેચ્છા આપલે કરશે તેમજ નવા વર્ષના આ સમારંભમાં નવા બદલાવો સાથે રાજકિય આગેવાનો અને તંત્ર પાસેથી લોકોને ન્યાય માટે સતત ઝઝુમતા પત્રકારો થરા ખાતે સરકારી સર્કીટહાઉસમાં એકત્રીત થઈ નવો નિર્ણય લઈ શકે છે. સાથે સાથે તાલુકા-જિલ્લા ગામડાઓ વિકાસથી વંચિત છે તેવા ગામોની સમિક્ષા કરી સરકાર અને તંત્રનુ ધ્યાન દોરશે તેવુ પણ મંડળ પ્રમુખ દ્વારા જણાવાયું છે.

પ્રાંતિજ ખાતે શારીરીક શિક્ષણ અને શિક્ષણના શૈક્ષણિક યોગ્યતા ધરાવતા ઉમેદવારોની માંગણી ધ્યાને લેવા આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વ્યાયામ અને ચિત્રના શિક્ષકોના ઉમેદવારોએ પ્રવાસી શિક્ષક તરીકે લેવાના શિક્ષણ વિભાગના આદેશનો વિરોધ કર્યો છે અને શારીરીક શિક્ષણ અને ચિત્રના શૈક્ષણિક વિભાગના શિક્ષકો કાલીન શિક્ષક તરીકે ભરતી માટેના આદેશ કરવા માંગણી સાથે પ્રાંતિજ- તલોદના ધારાસભ્યને આવેદન પત્ર આપ્યું હતુ.

ગુજરાતમાં વ્યાયામ શિક્ષક અને ચિત્ર શિક્ષક એટીડીના ઉમેદવારો અંશકા લિન ભરતી કરવાની માંગણી કરી રહ્યાં છે. જેઓની ઘણા સમયથી માંગણી ધ્યાને લઈને ચૂંટણી પૂર્વે રાજય સરકારે વચન આપ્યું હતું. પરંતુ અંધકાર લિનના બદલે માનદ વેતનની પ્રવાસી શિક્ષક તરીકે ભરતી કરવાનો આદેશ કરાયો હતો જેને લઈને આ ભાવી શિક્ષકોમાં સરકારના આ નિર્ણયને લઈને નારાજગી જોવા મળી છે અને સાબરકાંઠા સહિત ગુજરાતમાં ઠેર-ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે અને તેમણે જણાવ્યું હતું કે આર.ટી.ઈ ૨૦૦૯ની કલમ નંબર ૧૯ અને ૨૫ મુજબ અંશકાલિન તરીકે નિમણુંક કરવાની માંગણી કરી છે. જેમાં પ્રાંતિજ ખાતે બેરાજગારી ભોગવી રહેલા ભાવી શિક્ષકોએ એકઠાં થઈને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને આવેદનપત્ર આપ્યું હતું તો મફત અને ફરજિયાત બાળ શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ મુજબ ૧૦૦થી વધારે સંખ્યા ધરાતી શાળાઓમાં દર ૩૫ છાત્ર સામે શિક્ષક (ન્યુનતમ-૩ શિક્ષક) અને એક આચાર્ય શિક્ષક તથા ત્રણ વિષયો સ્વાસ્થ્ય તેમજ શારીરીક શિક્ષક કળા તથા કાર્ય શિક્ષણ માટે- ૧-૧ માટે પાર્ટ ટાઈમ પ્રાથમિક શિક્ષક રાખવાની જોગવાઈ છે.

અરવલ્લીના મોડાસામાં કચ્છ મેઘવંશી ગુર્જર સમાજ દ્વારા પાંચમો સમુહલગ્ન યોજાયો

કમુરતા ઉતરતાની સાથે જ વસંત પંચમીના દિવસથી સારા કાર્યો શરૂ થાય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં વસંત પંચમીના દિવસે મેઘવંશી ગુર્જર સમાજ દ્વારા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. મોડાસામાં વસતા મેઘવંશી ગુર્જર સમાજ દ્વારા પાંચમા સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. કમુહૂરતા ઉતરતાની સાથે જ વસંત પંચમીના દિવસથી શુભકાર્યોની શરૂઆત થાય છે ત્યારે આ શુભ દિવસના શુભ ચોઘડીએ નવ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ શુભ પ્રસંગે પ્રમુખ બાબુભાઈ પરમાર , ઉપ પ્રમુખ પૂંજાભાઈ રાઠોડ અને મંત્રી છગનભાઈ પરમાર તેમજ મોડાસાના હીરાભાઈ આઢું, ચીમનભાઈ વાઘેલા , વિઠ્ઠલ ભાઈ ચાવડા તેમજ આ સમૂહ લગ્નના સદસ્યો એવા સવજીભાઈ મોચી, પ્રવીણભાઈ મોચી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા અને સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.